# કોરોના રસીકરણનો રાજ્યવ્યાપી પ્રારંભ

## ૧૬૧ કેન્દ્રો પરથી ૧૬ હજારથી વધુ હેલ્થ વર્કર્સ-ફ્રન્ટલાઈન વોરિયર્સને સૌ પ્રથમ કોરોના વેકસીન અપાશે

ગાંધીનગર, તા. ૧૬

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ કોરોના વેકસીનેશનનો રાજ્યવ્યાપી પ્રારંભ અમદાવાદ સિવીલ હોસ્પિટલ ખાતેથી નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલની ઉપસ્થિતીમાં કરાવતાં કહ્યું કે કોરોના મહામારીથી હેરાન-પરેશાન લોકો માટે અમૃત સમાન વેકસીન હવે આવી ગઈ છે.

૧૬ મી જાન્યુઆરીનો દિવસ સમગ્ર દેશ અને રાજ્ય માટે એક ઐતિહાસિક દિવસ છે. સમગ્ર દેશ જેની આતુરતાથી રાહ જોઈ રહ્યુ હતુ તે ઘડી આજે આવી છે તેમ પણ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યુ હતું.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા સમગ્ર દેશમાં કોરોના રસીકરણ પ્રક્રિયાનો શુભારંભ કરાવવામાં આવ્યો છે ત્યારે દેશ અને રાજ્યમાં કોરોના રસીકરણનો પ્રારંભ દ્વારા કોરોનાના અંતની શરૂઆત થઈ છે તેવો વિશ્વાસ મુખ્યમંત્રીએ વ્યકત કર્યો હતો.

ગુજરાતમાં પ્રથમ તબક્કામાં ૧૬૧ કેન્દ્ર ઉપર ૧૬ હજારથી વધુ હેલ્થકેર વર્કરો કોરોના રસીકરણ હાથ ધરવામાં આવશે તેમ જણાવતા મુખ્યમંત્રીએ ઉમેર્યુ કે કોરોના વેક્સિનેસન કામગીરીનો રાજ્ય સ્તરે આરંભ થયો છે ત્યારે હેલ્થકેર વર્કરો દ્વારા ઉત્સાહભેર આ રસીકરણને આવકારવામાં આવી રહ્યું છે.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ કોરોના રસીકરણના પ્રથમ તબક્કામાં મેડિકલ, પેરામેડિકલ, નર્સિંગ તેમજ સફાઈકર્મીઓના સ્ટાફ જેઓએ નવ મહિનાથી પણ વધારે સમયથી સતત ખડેપગે રહીને રાઉન્ડ ઘ કલોક રાજયના કોરોનાગ્રસ્ત દર્દીઓની સેવા-શુશ્રુષા કરી છે. કોરોનાની બીમારીથી સપડાયેલા લોકોને બહાર કાઢવા દિવસ રાત જહેમત હાથ ધરી છે તેમને આ રસીકરણમાં પ્રાથમિકતા આપવામાં આવવાનું જણાવ્યુ હતુ.

મુખ્યમંત્રીએ કહ્યુ કે કોરોનાકાળમાં પોતાના જીવના જોખમે કોરોનાગ્રસ્ત દર્દીઓની સેવા કરી છે અને કોરોનાગ્રસ્ત દર્દીઓનો જીવ બચાવતા પોતે પણ કોરોનાથી સંક્રમિત થયા છે તે તમામ હેલ્થકેર વર્કરોનો કોરોના વેક્સિનેસન પર પ્રથમ હક છે તેના ભાગરૂપે જ તેમની કર્તવ્યનિષ્ઠાને બિરદાવવા ભારત સરકાર દ્વારા પ્રથમ તબક્કામાં રસીકરણ પ્રક્રિયામાં આવા બાહોશ હેલ્થકેર વર્કરોને પ્રાથમિકતા આપવામાં આવી છે.






અમદાવાદના નામાંકિત તબીબો, મેડિકલ જગતના તજજ્ઞો, પદાધિકારીઓએ પણ આજે વેક્સિન લઈને અન્ય લોકોને પ્રોત્સાહનરૂપ ઉદાહરણ પૂરૂ પાડ્યુ છે તેમજ જણાવતા મુખ્યમંત્રીએ ઉમેર્યુ કે જયારે તબીબી જગત સાથે જોડાયેલ તજજ્ઞો કોઈપણ જાતના ડર વગર રસી લઈ રહ્યા હોય ત્યારે આપણે પણ કોઈપણ જાતના ડર વગર કોરોના વેક્સિનેસન પ્રક્રિયા અનુસરીને તેનો લાભ લેવો જોઈએ.

કેન્દ્ર સરકાર દ્વારા તબક્કાવાર જે રસીકરણ પ્રક્રિયા હાથ ધરવામાં આવે તે દરમિયાન ગુજરાતના નાગરિકો કોઈપણ જાતના ભ્રમ, સંકોચ રાખ્યા વગર અફવાઓથી દૂર રહી આ વેક્સિન લઈ શકે છે તેવી અપિલ મુખ્યમંત્રીએ નાગરિકોને કરી હતી.

હાલ રસીકરણ પ્રક્રિયામાં ઉપયોગમાં લેવાઈ રહેલી કોવિડશિલ્ડ વેક્સિન સંપૂર્ણપણે સુરક્ષિત હોવાનું જણાવતા મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ કહ્યુ કે રાજ્યના નાગરિકો આ વેક્સિન પર પૂરો ભરોસો રાખીને આ રસી લે તથા પોતાને અને પરિવારને સુરક્ષિત કરે.

અત્રે એ ઉલ્લેખનીય છે કે રાજ્યમાં આ રસીકરણ માટે રાજ્યમાં ૧૭૧૨૮ વેકસીનેટર્સ, ૨૭૯૩૪ સેશન સાઈટસ અને ૨૨૩૬ કોલ્ડ ચેઈન પોઈન્ટસ તૈયાર કરવામાં આવેલા છે.

રાજ્યના વિવિધ જિલ્લાઓમાં પણ મહાનુભાવોની ઉપસ્થિતીમાં આ વેકસીનેશનનો આરંભ થયો છે.

આ વેકસીન લેનારા આરોગ્ય કર્મીઓ-તબીબોને કોરોના વેકસીન બેચ શોલ્ડર લગાવીને આગવી ઓળખ પણ પ્રસ્થાપિત કરવામાં આવી હતી.

## ખૂણેખાંચરેથી

- નિવૃત્ત પશુચિકિત્સક ડૉ. પ્રશાંત પાંચસોરીયાએ આજે જન્મદિવસની ઉજવણી નિમિત્તે શ્રમજીવી પરિવારના બાળકોને ફરસીપુરી અને મિઠાઈનું વિતરણ કરી મનાવી હતી.
- કોંગ્રેસ દ્વારા મોંઘવારી અને ખેડૂતોના સમર્થનમાં યોજાયેલ ધરણાના કાર્યક્રમમાં કોંગી કાર્યકરોએ વિધાનસભા કૂચ કરી જવાનો પ્રયાસ કરતાં કોંગી કાર્યકરોની અટકાયત કરાઈ હતી.
- ગાંધીનગર જિલ્લામાં વાતાવરણમાં પલ્ટો જોવા મળ્યો છે. દિવસ દરમ્યાન ગરમીનું જોર રહેવા પામ્યુ હતુ.
- જિલ્લા કલેકટર ઓફિસમાં આજે મિટીંગ્સ ડે હતો. જિલ્લા ફરિયાદ નિવારણ અને સંકલન સહિતની બેઠકો યોજાઈ હતી.
- ૧૯મી જિલ્લામાં પાણી પુરવઠા અને સ્વચ્છતા અભિયાનની બેઠક જિલ્લા કલેક્ટર કચેરી ખાતે યોજાશે.
- કેન્દ્રના શહેરી વિકાસ વિભાગના સચિવ દુર્ગાશંકર મિશ્રા આજે રાજયના મુખ્ય સચિવને મળ્યા હતા તેમજ મનપાના સ્માર્ટ સીટી પ્રોજેક્ટસની પણ મુલાકાત લીધી હતી.

# ગાંધીનગરમાં કાળા કૃષિ કાયદા અને ઈંધણ ભાવ વધારા સામે કોંગ્રેસની રાજભવન તરફ કૂચ






ગાંધીનગર, તા. ૧૬

છેલ્લા ૫૩ દિવસથી કડકડતી ઠંડીમાં દિલ્હીના સીમાડા ઉપર આંદોલન કરી રહેલા ખેડૂતોની ત્રણ કાળા કાયદાઓ પાછા લેવાની માંગ સંતોષાઈ નથી. જેને કારણે સમગ્ર ભારતની પ્રજા આવનારા સમયમાં પારાવાર મુશ્કેલીઓનો સામનો કરવો પડશે તેવુ દેખાઈ રહયુ છે. સમગ્ર ભારતની પ્રજા પેટ્રોલ-ડીઝલના અસહય ભાવ વધારાથી પીડાઈ રહી છે ત્યારે ખેડૂતોની આ ન્યાયિક માંગણીના સમર્થનમાં તથા પેટ્રોલ-ડીઝલના ભાવ વધારા સામે ગુજરાત પ્રદેશ કોંગ્રેસના અધ્યક્ષ અમિતભાઈ ચાવડા તથા પ્રદેશ પ્રભારી રાજીવ સાતવજીની આગેવાનીમાં આજરોજ તા.૧૬-૧-૨૦૨૧, શનિવારે સત્યાગ્રહ છાવણી સેકટર-૬, ગાંધીનગર ખાતે "કિસાન અધિકાર દિવસ" કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યુ હતુ.

કાર્યક્રમને સંબોધતા પ્રદેશ પ્રભારી રાજીવ સાતવજીએ કેન્દ્રની ઘમંડી સરકારને આડે હાથે લઈ કોંગ્રેસ પક્ષ સડકથી સંસદ સુધી ખેડૂતોની માંગણીઓના સમર્થનમાં આંદોલન કરવાનું આહવાન કર્યુ હતુ. પ્રદેશ પ્રમુખ અમિતભાઈ ચાવડાએ આંદોલનને વેગવંતુ બનાવી જન-જન સુધી લઈ જવા માટે કાર્યકરોને અપિલ કરી હતી. વિપક્ષ નેતા પરેશભાઈ ધાનાણીએ સરકાર પર પ્રહાર કરતાં ખેડૂતોની માંગણીઓ ના સ્વીકારે તો આવનારા સમયમાં એના દુષ્પરીણામ ભોગવવા સરકારને તૈયાર રહેવા ચીમકી આપી હતી. પૂર્વ પ્રદેશ અધ્યક્ષ ભરતસિંહ સોલંકીએ આ પ્રસંગે વિખ્યાત રોમા રોલાને યાદ કરી કહયુ હતુ કે જયારે સમાજમાં સજ્જનો ચૂપકી સાંધી લે છે ત્યારે દુષ્ટો મનમાની કરતા હોય છે. પૂર્વ પ્રદેશ અધ્યક્ષે અર્જુનભાઈ મોઢવાડીયાએ સરકારની આકારા શબ્દોમાં ઝાટકણી કાઢી હતી. પ્રદેશના કાર્યકારી પ્રમુખ હાર્દિકભાઈ પટેલે કેન્દ્રની સરકારને અંગ્રેજોની ગોરી સરકાર સાથે સરખાવી ત્રણ કાળા કાયદા પાછા લેવા સરકારને ચીમકી આપી હતી. ત્યારબાદ પ્રદેશ અધ્યક્ષ અમિતભાઈ ચાવડાની આગેવાનીમાં કાર્યકરો - આગેવાનોએ રાજભવન તરફ કૂચ કરી હતી. પરંતુ સરકારના ઈશારે પોલીસે બધા જ આગેવાનો - કાર્યકરોની ધરપકડ કરી સેકટર-૭ પોલીસ સ્ટેશન તથા ડી.એસ.પી. ઓફિસ ખાતે લઈ ગયા હતા.

## જાન્યુઆરી માસના અંતે પુનઃ હાડ થીજવતી ઠંડી પડશે

ગાંધીનગર, તા. ૧૬

હાલમાં ઠંડીમાં રાહત જોવા મળી રહી છે પરંતુ જાન્યુઆરી માસના અંતિમ પખવાડિયામાં પુનઃ જોરદાર ઠંડી પડવાની આગાહી છે. ગાંધીનગરના જાણીતા હવામાન શાસ્ત્રી અંબારામ દા. પટેલ જણાવ્યુ છે કે જાન્યુઆરીના આવનાર દિવસોમાં હજુ પણ હાડ કંપાવતી ઠંડી પડવાની શક્યતા રહે. તેમાં ઉત્તર ગુજરાતના ભાગો, કચ્છના ભાગો અને ઉત્તર-સૌરાષ્ટ્રના ભાગોમાં પણ હાડ થીજવતી ઠંડી પડે. મધ્ય ગુજરાતના ભાગોમાં પણ ઠંડીની શક્યતા રહે. જાન્યુ. તા. ૨૦, ૨૧, ૨૨ માં ઠંડા પવનો ફુંકાય જ્યારે જાન્યુઆરી તા. ૨૭ થી ૩૧ માં ગુજરાતના ભાગોમાં સખ્ત ઠંડી પડવાની શક્યતા રહે. દિવસમાં ગરમી રહેવા છતાં રાત્રીના ભાગોમાં સખ્ત ઠંડી પડે. ૨૧ થી ૨૫ જાન્યઆરીમાં ગુજરાતમાં વાદળો આવે અને ઉત્તર ભારતમાં હિમવર્ષા થાય. હિમવર્ષાના પગલે તે પછી તારીખોમાં ઠંડીનો ચમકારો આવે. જમ્મુ-કાશ્મીર, પંજાબ, હરીયાણા, રાજસ્થાનના ભાગો, ઉત્તર-પૂર્વિય ભાગોમાં કાતિલ ઠંડી પડે. જ્યારે ફેબ્રુઆરીની શરૂઆતમાં મજબૂત પશ્ચિમી વિક્ષેપ આવવાની શક્યતા રહે. જેના કારણે દેશના ઉત્તરીય પર્વતીય પ્રદેશોથી દિલ્હી, રાજસ્થાન, મધ્યપ્રદેશ, ગુજરાત અને વિદર્ભના ભાગોમાં માવઠુ થવાની શક્યતા રહે. આ પશ્ચિમી વિક્ષેપ મજબુત રહે. વળી ૧૧મી ફેબ્રુઆરી સુધીમાં પણ હવામાનમાં પલટા આવે. કોઈ કોઈ ભાગોમાં ન્યુનત્તમ તાપમાન ૮ ડિગ્રી સેલ્સિયસથી નીચુ જવાની શક્યતા રહે. રાત્રીના ભાગોમાં હિમ પડવાની શક્યતા રહેતા ખેત-પાકમાં પિયતનું વ્યવસ્થાપન કરવુ સારૂ રહે.

# ભુસ્તર વિભાગની ટીમ પર હુમલો અને લુંટ કરનાર ચાર આરોપી ઝડપાયા

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના ખડાત ગામે સાબરમતિ નદીના કિનારે તા.૧૩ જાન્યુઆરીના રોજ વહેલી સવારે ગાંધીનગર ભુસ્તર વિભાગની ફલાઈગ સ્કવોડ ગેરકાયદેસર રેતી ખનન અંગે રેઈડ પાડવા ગઈ હતી. તે સમયે ૨૫ થી ૩૦ અજાણ્યા શખ્સોનું ટોળાએ ફલાઈગ સ્કવોડના અધિકારી-કર્મચારીઓ ઉપર પથ્થરમારો અને હુમલો કરી તેમની જીપીએસવાળી બેગ લુંટી ગયા હતા. તે ઉપરાતં રેતી ખનનના સાધનો છોડાવી ભાગી ગયા હતા. આ બનાવ અંગે માણસા પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે તપાસ હાથ ધરી હતી.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ માણસા પોલીસ મથકના પીઆઈ એસ.એસ.પવાર અને ટીમના સભ્યો આ ગુનાના આરોપીઓને પકડવા માટે કામે લાગી



ગયા હતા. જેને પગલે પોલીસે ખડાત ગામેથી અશ્વિનસિંહ ઉર્ફે ગબ્બરસિંહ ભગવાનસિંહ રાઠોડ (ઉં.૩૦, રહે.શંગપુર તા.વિજાપુર, જી મહેસાણા), કિરણસિંહ ઉર્ફે પરબતસિંહ રાઠોડ (ઉં.૩૩ રહે-ખડાત તા.માણસા જી ગાંધીનગર), દશરથસિંહ ઉર્ફે ડીડી દિપસિંહ રાઠોડ (ઉં.૩૫, રહે ખડાત), સુરજસિંહ ઉર્ફે સુરભા માલસિંહ રાઠોડ (ઉં.વ.૨૫ રહે ખડાત) પકડી પાડ્યા હતા. પોલીસે આ હુમલાખોરો પાસેથી લુંટી ગયેલા જીપીએસવાળી બેગ તેમજ રેતી ખનન માટેના બે મશીનો કબ્જે કરાયા છે અને અન્ય આરોપીઓને પકડવાની તજવીજ શરુ કરી છે.

## હરિની દ્ષ્ટિ... - હરિન ભટ્ટ



કોરોના માટે નવી ગાઈડલાઈન તૈયાર થઈ ગઈ છે... પરંતુ આ ગાઈડલાઈન કોણે કોણે પાળવી એ તમને પછીથી જણાવીશું....!!

# શેરથા કટ પાસે કાર-રીક્ષા વચ્ચે અકસ્માત : ત્રણ મહિલા મુસાફરને ઈજા

ગાંધીનગર, તા.૧૬

કલોલ-અડાલજ માર્ગ પર શેરથા કટ પાસે ગણેશ મસાલા ભંડારની ખળી પાસે બપોરના સુમારે કારની અડફેટે રીક્ષા આવતા પલ્ટી મારી ગઈ હતી. જેમાં સવાર ત્રણ મહિલા મુસાફરોને હાથે પગે તેમજ માથાના ભાગે ઈજા પહોંચી હતી. ત્રણેય મહિલા મુસાફરોને અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવાયા હતા. બનાવ અંગે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શેરથા ગામનો યુવક શુક્રવારે બપોરના સમયે રીક્ષા લઈને કલોલ ગયો હતો.ત્યાંથી પરત ફરજ સમયે કલોલ ખુની બંગલા પાસેથી ત્રણ મહિલા મુસાફરોને ચાંદખેડા જવા માટે બેસાડ્યા હતા. રીક્ષા ચાલક ને થોડી ચીજવસ્તુ ઘરે આપવાની હોવાથી હાઈ વે માર્ગ પરથી શેરથા ગામ તરફ રીક્ષા લીધી હતી. ત્યારે ત્રણ વાગ્યાના અરસામાં ગણેશ મસાલા ખળી પાસે સામેથી આવતી કાર નં.જી.જે.૦૧.એચ.પી.-૮૫૩૨ એ રીક્ષા નં. જી.જે.૧૮.એ.વાય.-૭૦૮૪ ને ટક્કર મારી હતી. જેને પગલે રીક્ષા પલ્ટી મારી ગઈ હતી. જેથી રીક્ષામાં સવાર મહિલા મુસાફરોની બુમોથી સ્થાનિક નગારીકો દોડી આવ્યા હતા. એક મહિલા મુસાફરને જમણા પગના થાપાના ભાગે ઈજા પહોંચી હતી.જયારે બાળક સાથે રહેલા મહિલા મુસાફરને સામાન્ય ઈજા થવા પામી હતી.જયારે એક મુસાફર બેભાન થઈ જતા ત્રણેયને અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા હતા.બનાવ અંગે રીક્ષા ચાલક નિકુલ ઈશ્વરભાઈ સોલંકી કાર ચાલક સામે અડાલ પોલીસ મથકે ગુનો નોંધાતા પોલીસે આગળની તપાસ શરુ કરી છે.

## અવાવરૂ કુવામાં પડી ગયેલા શ્વાન હેમખેમ બહાર





ગાંધીનગર-ચિલોડા માર્ગ પર બીએસએફ કેમ્પ ખ લગભગ ૩૫ ફુટ અવાવરૂ કુવામાં શ્વાન પડી ગયો હતો. બનાવ જાણ થતા ફાયર વિભાગની ટીમ પહોંચી ગઈ હતી. ફાય જવાને કુવામાં અંદર ઉતરીને શ્વાનને બહાર નીકાળ્યો હતો.

## સોનીપુર ગામથી ૮ જુગારી ઝડપાયા

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર નજીક આવેલા સોનીપુર ગામની પ્રાથમિક શાળાની બાજુમાં ખુલ્લી જગ્યામાંથી ૮ જુગારી પેથાપુર પોલીસના હાથે ઝડપાયા છે. પોલીસની રેઈડને પગલે જુગારીઓમાં નાસભાગ મચી જવા પામી હતી. જયારે પોલીસે સ્થળ પરથી જુગારીઓની અંગજડતી અને દાવ પરથી મળીને કુલ રૂ.૧૪,૦૫૦ નો મુદ્દામાલ જપ્ત કરી તમામ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ પેથાપુર પોલીસ મથકના સ્ટાફના જવાનો પેટ્રોલીંગ કરી રહ્યા હતા. તે સમયે તેઓને સોનીપુર પ્રાથમિક શાળાની બાજુમાં જુગાર અંગે બાતમી મળી હતી. જેથી પોલીસે સ્થળ પર જઈ રેઈડ પાડતા જુગાર રમી રહેલા સોનીપુર ગામના નવાવાસ ખાતે રહેતા શંભુજી કાંતિજી ઠાકોર (ઉ,૫૨), રમેશજી હજુરજી ઠાકોર (ઉં.૫૫), સુરેશ બાબુભાઈ રાવળ (ઉં.૩૨), મુકેશજી રાજાજી ઠાકોર (ઉં.૩૬), લાલજી જુગાજી ઠાકોર (ઉં.૨૯), અરવિંદ ભીખાજી ઠાકોર (ઉં.૩૨) બાબુજી વજાજી ઠાકોર (ઉં.૪૦) અને લાલાજી નારાયણજી ઠાકોર (ઉં.૨૯)નો સમાવેશ થાય છે. પોલીસે જુગારીઓની અંગજડતી લેતા રૂ.૧૩,૧૭૦ રૂપીયા રોકડ અને દાવ પરથી રૂ.૩૪૦ મળી કુલ રૂ.૧૪,૦૫૦ નો મુદ્દામાલ કબ્જે કરી તમામ સામે પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ગાંધીનગર જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.

મધુર ડેરી, 'ક' રોડ, સેક્ટર-૨૫, ગાંધીનગર-૩૮૨૦૨૪
ફોન નં. (૦૭૯) ૨૩૨૮૭૧૩૪ થી ૩૮, ફેક્સ - ૨૩૨૮૭૧૪૦

### ટેન્ડર નોટિસ - લેબર કોન્ટ્રાક્ટ તથા સિક્યોરીટી કોન્ટ્રાક્ટ આપવાના છે

ઉપરોક્ત સહકારી સંસ્થા માટે નીચે પત્રકમાં જણાવ્યા મુજબના લેબર કોન્ટ્રાકટ તથા સિક્યોરીટી કોન્ટ્રાકટ આપવાના છે. રસ ધરાવતાં ઈસમ/પાર્ટીઓએ નીચે પત્રકમાં જણાવેલ તારીખો દરમિયાન, ટેન્ડર ફોર્મ ફી(નોન રીફંડેબલ) રોકડેથી ઉકત સંસ્થાની હિસાબી શાખામાં ભરી, ટેન્ડર ફોર્મ રુબરુમાં કચેરી સમય દરમ્યાન મેળવી લેવાના રહેશે. ભરેલ ટેન્ડર ફોર્મ, ટેન્ડર ડીપોઝીટનો "ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ."ના નામનો ડી.ડી.(રીફંડેબલ) સાથે નીચે પત્રકમાં જણાવેલ તારીખ અને સમય સુધીમાં અત્રેની સંસ્થામાં સીલબંધ કવરમાં પહોંચાડવાનું રહેશે. ત્યારબાદ મોડા આવેલા ભરેલા ટેન્ડર ફોર્મ કોઈપણ સંજોગોમાં સ્વીકારાશે નહીં. ભરેલા ટેન્ડર ફોર્મનાં સીલબંધ કવર ઉપર જે તે ટેન્ડરના નામની વિગત અચુક જણાવવી. આવેલ ટેન્ડર/ઓફર/ભાવ સ્વીકારવો કે નહીં તેનો અબાધીન અધિકાર ઈન્ચાર્જ મેનેજીંગ ડીરેકટરશ્રીનો રહેશે.

| અ. નં. | ટેન્ડરની વિગત | ટેન્ડર ફી અને ડીપોઝીટની |
|---|---|---|
| ૧. | **લેબર કોન્ટ્રાકટ** તા-૦૧/૦૨/૨૦૨૧ થી ૩૧/૦૧/૨૦૨૨ સુધીના લેબર કોન્ટ્રાકટ માટે લેબર કોન્ટ્રાકટર પાસે લેબર લાયસન્સ, પ્રોવીડંડ ફંડ નંબર, કામદાર રાજય વિમા યોજના નંબર(ઈ-એસ-આઈ), G.S.T. રજીસ્ટ્રેશન નંબર, પાન કાર્ડ અને લાગુ પડતી નોંધણીઓ અને રજીસ્ટ્રેશન વગેરે ધરાવતા તેમજ ઓછામાં ઓછા ૧૦૦ નોકરીયાત રાખી શકવાનું લાયસન્સ ધરાવતા ઈસમોએ, મધુર ડેરી ગાંધીનગર ખાતે જુદા જુદા પ્રકારના કામકાજ જેવા કે, દૂધ રુટના ટ્રકમાંથી દૂધના કેનનું વોડીંગ અને અનલોડીંગ તેમજ કેનની સફાઈ કરવી, અને પેકીંગ મશીન પરથી દૂધ, છાશને પાઉચ પેકીંગ કરી, ક્રેટમાં ગોઠવી, કોલ્ડ સ્ટોરેજમાં ગોઠવી, સદર ક્રેટોને દૂધ વિતરણ કરતી ટ્રકમાં ભરવી તેમજ સદર ટ્રકો ધ્વારા આવતી ખાલી ક્રેટોને ઉતારીને સફાઈ કરવી- સદર કામકાજ પ્રતિ લેબરના દરથી (લાગુ પડતા તમામ ટેક્ષ સાથે) તથા આ ઉપરાંત ગાર્ડનીંગ મેઈન્ટેનન્સ અને ગટર સાફ સફાઈ, પ્રિમાઈસીસમાં આવેલ તમામ ટોયલેટ બાથરુમ તેમજ ઓફિસીસ અને પ્રિમાઈસીસનું સરાઉન્ડીંગ અંદર અને બહાર ગ્રાઉન્ડની સફાઈ વગેરે કામકાજ માટે પ્રતિ લેબર દીઠ પ્રતિ દિન તમામ લાગુ પડતા ટેક્ષ સાથે લેબર કોન્ટ્રાકટ આપવાનો છે. જયારે વધારાની કામગીરીની જરુરીયાત ઉભી થાય ત્યારે વધારાના કામકાજ માટે કોન્ટ્રાકટના મંજુર થયેલ ભાવથી લેબર પુરા પાડવાના રહેશે. સંતોષકારક સર્વિસ આપનાર લેબર કોન્ટ્રાકટરને વધુમાં વધુ બીજા એક કે બે વર્ષ માટે સંસ્થાની જરુરીયાત મુજબ કોન્ટ્રાકટ રીન્યુ કરી આપવામાં આવશે. | ટેન્ડર ફોર્મ ફી (નોન રીફંડેબલ) રકમ રૂ. ૫૦૦૦/- (પાંચ હજાર)<br>ટેન્ડર ડીપોઝીટ (રીફંડેબલ) રકમ રૂ. ૩૦,૦૦૦/- (ત્રીસ હજાર) |
| ૨. | **સિક્યોરીટી કોન્ટ્રાકટ** આથી સિક્યોરીટી કોન્ટ્રાકટના કામના અનુભવી લેબર કોન્ટ્રાકટ લાયસન્સ, પ્રો-ફંડ તથા કામદાર વીમા યોજના નંબર (ઈ-એસ-આઈ), G.S.T. રજીસ્ટ્રેશન નંબર અને પાનકાર્ડ ધરાવતા સિક્યોરીટી કોન્ટ્રાકટરોને જણાવવામાં આવે છે કે, મધુર ડેરી, ગાંધીનગર ખાતેની સિક્યોરીટી કામગીરી અંગેનો કોન્ટ્રાકટ તા-૧/૨/૨૦૨૧થી ત્રણ વર્ષ માટે આપવાનો છે. | ટેન્ડર ફોર્મ ફી (નોન રીફંડેબલ) રકમ રૂ. ૩૦૦૦/- (ત્રણ હજાર)<br>ટેન્ડર ડીપોઝીટ (રીફંડેબલ) રકમ રૂ. ૫૦,૦૦૦/- (પચાસ હજાર) |

નોંધઃ (૧) ટેન્ડર ફોર્મ મેળવવાની તારીખ અને સમય : તા.૧૮/૦૧/૨૦૨૧ થી ૨૫/૦૧/૨૦૨૧ ના રોજ બપોરના ૧૫-૦૦ કલાક સુધી.
(૨) ભરેલા ટેન્ડર ફોર્મ સીલબંધ કવરમાં પહોંચાડવાની છેલ્લી તારીખ અને સમય : તા.૨૫/૦૧/૨૦૨૧ ના રોજ સાંજના ૧૬-૦૦ કલાક સુધી.
(૩) ટેન્ડર ડીપોઝીટની રકમ ફરજીયાત ડી.ડી.થી આપવાની રહેશે. અન્યથા ટેન્ડર રદ ગણાશે.

ઈન્ચાર્જ મેનેજીંગ ડીરેકટર